Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ
૧૯૪૯ થી કાર્યરત

9500

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૧ જુલાઇ, ૨૦૨૦

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

**વિષય: વંદે ભારત મીશન હેઠળ વિદેશીઓને ક્વોરનટાઇન કરવા બાબત.**

આપની કુશળતા ઇચ્છુ છું.

કોરોના વાયરસની આ મહામારી વચ્ચે આપણાં ભારતીયો કે જે વિદેશમાં ફસાયેલા હતા, તેમાં ઘણા બધા વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રવાસીઓ વિગેરે સામેલ છે. તેઓની ચિંતા આપણાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી અને વંદે ભારત મીશનની શરુઆત કરી. જે અંતર્ગત વિદેશમાં ફસાયેલા આપણા ભારતીય ભાઇબંધુને વિશેષ ફલાઇટ દ્વારા પરત લાવવામાં આવી રહ્યા છે તેમાં આપ પણ અંગત રસ લઇ અને આપણાં ગુજરાતીઓ પોતાના વતન પરત આવે તેની વિશેષ ચિંતા કરી રહ્યા છે. માનનીય NRG મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ તેમની ટીમ દ્વારા જેવી રીતે અમદાવાદ એરપોર્ટ પર પ્રવાસી આવી અને તમામ પ્રકારના સ્ક્રીનિંગની પ્રક્રિયા બાદ તેઓને પોતાની પસંદગીના અને ગુજરાત સરકાર દ્વારા અધિકૃત કરાયેલ પેઇડ-અનપેઇડ ક્વોરનટાઇન સેન્ટર ઉપર શરુઆતમાં ૧૪ દિવસ અને હવે ૭ દિવસ માટે ક્વોરનટાઇન કરવામાં આવે છે. આ તમામ સરાહનીય કામગીરી માટે આપશ્રી અને આ મીશન સાથે જોડાયેલ તમામને અમારા ખુબ ખુબ અભિનંદન છે.

પરંતુ હાલ થોડા સમયથી આ મીશન હેઠળ આવતા આપણા ગુજરાતીઓને દિલ્હી એરપોર્ટ ઉતારવામાં આવે છે અને તેઓને દિલ્હીમાં જ ક્વોરનટાઇન થવા માટે ફરજ પાડવામાં આવે છે. આપ વિદિત છો તેમ હાલ દિલ્હીમાં કોરોનાથી સંક્રમીતની સંખ્યા વધુ છે અને આપણાં ગુજરાતીઓને સંક્રમીત થવાનો ભય છે. બીજું કે ત્યાં અમુક ક્વોરનટાઇન સેન્ટરોમાં સુવિધાઓનો અભાવ છે જેના કારણે ઘણી મુશ્કેલી પડી રહી છે. આથી આપણા વિદેશથી આવતા ગુજરાતી બંધુઓને જો એર ઇન્ડિયાની જ ડોમેસ્ટીક ફલાઇટ દ્વારા અમદાવાદ પોતાના હોમ સ્ટેટમાં આવવા દેવાની પરવાનગી આપવામાં આવે અને અમદાવાદ ડોમેસ્ટીક એરપોર્ટ થી તેઓના પસંદગીના સરકાર દ્વારા અધિકૃત ક્વોરનટાઇન સેન્ટરમાં ક્વોરનટાઇન કરવાની વ્યવસ્થા કરવામાં આવે તો વિદેશથી આવતા ગુજરાતી અને અહીં રહેતા તેમના સગા-સંબંધીની લાગણી જળવાઇ રહેશે.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer



તો આપ સાહેબને ઉપરોક્ત જણાવેલ વિગતો ધ્યાને લઇ યોગ્ય નિર્ણય લેવા અમારી નમ્ર અરજ છે. ફરીથી આ ઉમદા કાર્ય બદલ આપશ્રી અને ભારત સરકારને ખુબ અભિનંદન પાઠવું છું.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*

**<u>નકલ રવાના :</u>**

૧. **શ્રી પ્રદિપસિંહજી જાડેજા,** માનનીય મંત્રીશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય
૨. **શ્રી અનિલ મુકીમ (IAS),** ચીફ સેક્રેટરી, ગુજરાત રાજ્ય